# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Tuesday** **National News**

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************************************

સૌ પ્રથમ મુખ્ય સમાચાર

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દે ચર્ચા કરી

✓ વિદેશમંત્રી એસ જયશંકર અને બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિયેરા આજે નવમી ભારત-બ્રાઝિલ જોઇન્ટ કમિશનની બેઠક યોજશે

✓ કેન્દ્ર સરકારે ફરિયાદ નિવારણને સમયબદ્ધ અને સાર્થક બનાવવાના હેતુથી વ્યાપક દિશા-નિર્દેશ જાહેર કર્યા

✓ જમ્મુ કાશ્મીર વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસઃ

✓ આજે ગુજરાતનાં કેટલાંક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદનું હવામાન વિભાગનું રેડ એલર્ટ

✓ આઇસીસી મહિલા ટી 20 વિશ્વકપમાં 4 ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ અને 6 ઓક્ટોબરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ભારતનો મુકાબલો

**************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- US PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન સાથે ટેલિફોન પર યુક્રેનની સ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ ભારત-અમેરિકા સર્વગ્રાહી વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી માટે રાષ્ટ્રપતિ બાઇડનની ઊંડી પ્રતિબદ્ધતા માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી હતી, જે લોકશાહી, કાયદાના શાસન અને મજબૂત લોકો-થી-લોકો સંબંધોના સહિયારા મૂલ્યો પર આધારિત છે.

બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે ભારત-અમેરિકા ભાગીદારીનો ઉદ્દેશ્ય બંને દેશોના લોકો તેમજ સમગ્ર માનવતાને લાભ આપવાનો છે.

યુક્રેનની સ્થિતિ અંગે ચર્ચા કરતા શ્રી મોદીએ રાષ્ટ્રપતિ બાઇડનને તેમની તાજેતરની યુક્રેનની મુલાકાત વિશે માહિતી આપી હતી. તેમણે વાટાઘાટ અને મુત્સદ્દીગીરીની દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાના ભારતના દ્રષ્ટિબિંદુનો પુનરોચ્ચાર કર્યો અને શાંતિ અને સ્થિરતા પૂર્વવત કરવા પોતાનું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું.

# MEDICAL TASK FORCE

મેડિકલ ક્ષેત્રનાં વ્યાવસાયિકોની સલામતી અને કાર્ય પરિસ્થિતિ માટે ભલામણો કરવા માટે સર્વોચ્ચ અદાલતા દ્વારા રચવામાં આવેલા રાષ્ટ્રીય કાર્યદળની પ્રથમ બેઠક આજે યોજાવાની છે. આ બેઠક નવી દિલ્હીમાં યોજાશે, જેનું અધ્યક્ષપદ ભારતના કેબિનેટ સચિવ કરશે. આ કાર્યદળનાં સભ્યોમાં કેન્દ્રીય ગૃહસચિવ, નેશનલ મેડિકલ કમિશનના ચેરપરસન સર્જન વાઇસ એડમિરલ આર સરિન, એઇમ્સના ડિરેક્ટર ડોક્ટર એમ શ્રીનિવાસ અને ન્યુરોલોજી વિભાગ, એઇમ્સના ભૂતપુર્વ પ્રોફેસર ડોક્ટર પદ્મા શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ, મુખ્ય ન્યાયમૂર્તિ ડીવાય ચંદ્રચુડનાં વડપણ હેઠળની બેન્ચે કોલકતાના આરજી કર હોસ્પિટલ ખાતે ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણી દરમિયાન મેડિકલ વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રીય કાર્યદળની રચના કરી હતી.

# INDIA BRAZIL MEETING

વિદેશ મંત્રી એસ જયશંકર અને બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિએરા આજે નવી દિલ્હીમાં 9મી ભારત-બ્રાઝિલ જોઇન્ટ કમિશનની બેઠકની સહ અધ્યક્ષતા કરશે. બ્રાઝિલના વિદેશ મંત્રી ભારતની 4 દિવસની સત્તાવાર મુલાકાતે શનિવારે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયે કહ્યું કે શ્રી વિયેરાની મુલાકાત ભારત અને બ્રાઝિલ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વેગ આપશે.

ડૉ. જયશંકર અને શ્રી વિયેરા ગયા વર્ષે ભારતના G20ના પ્રમુખપદ દરમિયાન મળેલા પરિણામોને કેવી રીતે આગળ લઈ શકે છે તેના પર મંત્રણા કરશે. બ્રાઝિલ નવેમ્બર 2024 સુધી G20નું પ્રમુખપદ સંભાળશે. 2024માં બ્રાઝિલના G20 પ્રમુખપદ દરમિયાન G20 ત્રિપુટીમાં ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

# CENTRE - PUBLIC GRIEVANCE SYSTEM

કેન્દ્ર સરકારે ફરિયાદ નિવારણને સમયબદ્ધ અને સાર્થક બનાવવાના હેતુથી વ્યાપક દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. કાર્મિક અને લોક ફરિયાદ તેમજ પેન્શન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સામાન્ય નાગરિકો પોતાની ફરિયાદો www.pgportal.gov પર નોંધાવી શકે છે.

કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો સામેની આ ફરિયાદોના સમાધાન માટે નોડલ અધિકારી નિયુક્ત કરવાના રહેશે. જે ફરિયાદોને નિવેડો આવી ગયો હોય તેમના વિશેની માહિતી લોકોને એસએમએસ અને ઇમેલ દ્વારા આપવામાં આવશે.

કેન્દ્રીય લોક ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી પોર્ટલે વર્ષ 2022થી 2024 દરમિયાન અંદાજે 60 લાખ જાહેર ફરિયાદોનું નિવારણ કર્યું. આ પૂર્વેના આદેશોમાં ફરિયાદ નિવારણની સમય મર્યાદા 30 દિવસ હતી, જેને ઘટાડીને 21 દિવસ કરવામાં આવી છે.

# MAOIST SURRENDERS

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં 25 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. તેમણે ગઈકાલે જિલ્લા પોલીસ અધિક્ષક અને સીઆરપીએફના ડીઆઈજી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

આ માઓવાદીઓ પર કુલ 29 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાંથી ત્રણ માઓવાદીઓ પર 8 લાખ રૂપિયા, એક માઓવાદી પર 3 લાખ રૂપિયા અને અન્ય બે માઓવાદીઓ પર 1 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસ અધિક્ષકે કહ્યું કે આત્મસમર્પણ કરાયેલા માઓવાદીઓને છત્તીસગઢ સરકારની પુનર્વસન નીતિ હેઠળ 25,000 રૂપિયાની રકમ આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# CHAMPAI SOREN

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ આદિવાસી નેતા ચંપઈ સોરેન 30 ઓગસ્ટે રાંચીમાં ભાજપમાં જોડાશે. ભારતીય જનતા પાર્ટીના ઝારખંડનાં કો-ઇનચાર્જ અને આસામના મુખ્યમંત્રી હિમન્તા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી હતી.

શ્રી સોરેન અને શ્રી સરમા ગઈ કાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા અને ઝારખંડની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

ચંપઈ સોરેને તાજેતરમાં કહ્યું હતું કે તેઓ ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)થી અલગ થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે જેએમએમ ઝારખંડનાં શાસક જોડાણનું નેતૃત્વ કરે છે.

# JAMMU KASHMIR ELECTION

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ છે. આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે, જ્યારે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 30 ઓગસ્ટ છે.

છ જિલ્લાઓની 24 જેટલી બેઠકો પર પ્રથમ તબક્કામાં 18 સપ્ટેમ્બરે મતદાન થશે. પછીના બે તબક્કા માટે 25 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે મતદાન થશે. પરિણામ 4 ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે.

કોંગ્રેસે આગામી નવ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પક્ષે તેનાં નેતા ગુલામ મોહમ્મદ મીરને ડુરુ વિધાનસભા સીટ પરથી ઉતાર્યા છે, જ્યારે શેખ રિયાઝ ડોડા સીટ પરથી ચૂંટણી લડશે. પ્રદીપ કુમાર ભગત ડોડા પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર હશે.

દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ ગઈ કાલે 16 ઉમેદવારોની નવી યાદી જાહેર કરી હતી. આ અગાઉ પક્ષે 44 બેઠકોની યાદી જાહેર કરી હતી, જેને બાદમાં પરત ખેંચવામાં આવી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં 87 લાખ 09 હજાર જેટલા મતદારો છે, જેમાંથી 44 લાખ 46 હજાર પુરૂષ, 42 લાખ 62 હજાર મહિલા, 3 લાખ 71 હજાર પ્રથમ વખતના મતદારો અને 20 લાખ 7 હજાર યુવા મતદારો છે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં 90 વિધાનસભા મતવિસ્તારોમાંથી, 74 સામાન્ય છે, 7 એસસી ઉમેદવારો માટે અને 9 એસટી ઉમેદવારો માટે અનામત છે.

# MUMBAI WR-TRAFFIC BLOCK

મુંબઈની વેસ્ટર્ન લાઇનનો ઉપયોગ કરતા મુસાફરોને 27-28 ઑગસ્ટની મધ્યરાત્રિથી શરૂ થતા 35-દિવસના ટ્રાફિક બ્લોક માટે તૈયાર રહેવાની સલાહ આપવામાં આવી છે. પશ્ચિમ રેલવેના અધિકારીના જણાવ્યા પ્રમાણે ગોરેગાંવ અને કાંદીવલિ વચ્ચે છઠ્ઠી લાઇન લંબાવવાનાં મોટા પ્રોજેક્ટનાં ભાગ રૂપે આ વિક્ષેપ સર્જાઈ રહ્યો છે. આને કારણે ટ્રેન સેવાઓ ખોરવાઇ જવાની સંભાવના છે.

આ 35 દિવસના સમયગાળામાં પાંચમા, 12મા., 16મા, 23મા અને 30મા દિવસે પાંચ મોટા 10 કલાકના બ્લોક્સ હશે, જે મોટા ભાગે શનિવાર-રવિવારે રાત્રે 10 કલાકે શરૂ થશે. આ દિવસોમાં આશરે 140 સબઅર્બન ટ્રેનો રદ થશે અને 50 સેવાઓ ટૂંકાવવામાં આવશે. 11થી 17 સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવ તહેવારમાં કોઈ બ્લોક રહેશે નહીં.

# SINDHUDURG STATUE

મહારાષ્ટ્રમાં, સિંધુદુર્ગ જિલ્લાના ઐતિહાસિક રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સોમવારે તૂટી પડી હતી. માલવણના કિલ્લામાં બપોરે એક વાગે 35-ફૂટ ઉંચી પ્રતિમા તૂટી પડી હતી. પ્રતિમા તૂટી પડ્યા પછી પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રનાં વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

# GUJARAT RAIN

હવામાન વિભાગે આજે ગુજરાતનાં કેટલાંક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર ક્યું છે. હવામાન વિભાગે રાજસ્થાન ઉપર સર્જાયેલા ભારે દબાણને કારણે સમગ્ર ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી કરી છે. છેલ્લાં બે દિવસથી વરસી રહેલા અવિરત અને સાર્વત્રિક વરસાદને પગલે રાજ્યનાં કેટલાંક ભાગોમાં પાણી ભરાઈ જવાથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. સૌથી વધુ અસર અમદાવાદ, વડોદરા, સુરત અને નવસારી જિલ્લામાં થઈ છે.

રાજ્યમાં 500થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે, જ્યારે આણંદથી પસાર થતી કેટલીક ટ્રેનોને રદ કરવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા 17 હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે પુરના પાણીમાં ફસાયેલા હજારો લોકોને ઉગારવામાં આવી રહ્યા છે. પૂર્ણા, અંબિકા, વિશ્વામિત્રી સહિતની અનેક નદીઓએ ભયજનક સપાટી વટાવી દીધી છે. રાજ્યનાં 50થી વધુ ડેમ છલકાઈ ગયા છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ આજે બંધ રહેશે. માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ખેડવા ન જવા સૂચના આપવામાં આવી છે.

# ICC WOMEN'S T20

ભારત આઈસીસી મહિલા ટી20 વર્લ્ડ કપ 2024માં તેના અભિયાનની શરૂઆત 4 ઓક્ટોબરે દુબઈમાં ન્યૂઝીલેન્ડ સામેની મેચ સાથે કરશે. જ્યારે બીજી મેચ 6 ઓક્ટોબરે તે જ સ્થળે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. ભારતની ત્રીજી મેચ 9 ઓક્ટોબરે શ્રીલંકા વિરુદ્ધ રમાશે. 13 ઓક્ટોબરે શારજાહમાં ગત ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે હાઈ-વોલ્ટેજ મેચ સાથે ભારત ગ્રુપ સ્ટેજ સમાપ્ત કરશે.

મહિલા T20 વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં યોજાવાની હતી, પરંતુ તે થોડા અઠવાડિયા પહેલા જ સંયુક્ત આરબ અમીરાતમાં તબદીલ કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટની બે સેમિફાઇનલ 17 અને 18 ઓક્ટોબરે દુબઈ અને શારજાહમાં રમાશે અને ફાઈનલ 20 ઓક્ટોબરે દુબઈમાં રમાશે.

# SAFF - INDIA Vs BANGLADESH

સાફ યુ-20 ચેમ્પિયનશીપમાં ગઈ કાલે બાંગલાદેશે પેનલ્ટી શુટઆઉટમાં ભારતને પરાજય આપ્યો હતો. નેપાળના કાઠમંડુમાં ANFA કોમ્પલેક્સ ખાતે રમાયેલી મેચમાં ભારત બાંગલાદેશ સામે 3-4થી હારી ગયું હતું. નિશ્ચિત સમયમાં બંને ટીમો વચ્ચે 1-1થી ડ્રો થતાં પેનલ્ટી શુટઆઉટ દ્વારા નિર્ણય આવ્યો હતો.